# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા ૭/૭/૨૦૨૩

- **સંસદ સદસ્યતા ગઈ - ઘર ગયુ એવા ફક્કડ રાહુલ ગાંધી એટલે આજની રાજનિતીના કબીર છે.અને કબીરથી તો સારા સારા ભયભીત હોય છે, આજે ફક્કડ કબીર રાહુલ ગાંધીથી મોદી-શાહ ભયભીત છે.**

એકવીસ સદીના ભારતની રાજનિતીના કબીર રાહુલ ગાંધી છે, નિડર છે, નિર્ભય છે અને સત્યના રસ્તે ચાલે છે તે વ્યક્તિ સત્યના વિશ્વાસને હાથમા લઈને ઉભા થયા છે અને એવી ફાંસીવાદી સત્તાનો મુકાબલો કરી રહ્યા છે જેને દેશમા પ્રેમ અને સૌહાર્દ તોડવાનુ કામ કર્યુ છે, જેને ભારતના પ્રતિમાન મુલ્યોને તોડવાનુ કામ કર્યુ છે.પરંતુ દેશનુ સાર્વભૌમત્વને અખંડ અને નફરતને દેશવટો આપવા મહોબ્બતની દુકાન ખોલવાની વાત કરી રહ્યા છે.

આવા ગંભીર પડાકારોને હિંમતથી ઉઠાવતા રાહુલ ગાંધીની બનતી લોકપ્રિય છબીને તોડવા ભાજપા એક પછી એક કારસ્તાનો અજમાવી રહી છે અને તે તમામ નાકામીયાબ બની રહ્યા છે..

દેશના પ્રધાનમંત્રીને રાહુલ ગાંધી સવાલ કરે છે અદાણી સાથે તમારો સંબંધ શુ ? વિદેશથી આવેલા ૨૦,૦૦૦ કરોડ રુપિયા કોના છે ? ગભરાયેલ – ડરેલ – બોખલાયેલ મોદી સરકાર પાસે આ જવાબ આપવાની હિમ્મત નથી એટલે મોદી સમુદાયની માનહાની કેસના પરિણામની લુચ્ચા શિયાળની માફક રાહ જોઇ રહી છે.

દેશ અને દુનિયા કહેતી થઈ છે કે ભાજપાએ ૨૦૨૩ ના એક ફક્કડ વ્યક્તિ સાથે બથ ભીડવાની ભુલ કરી છે, ૪૦૦૦ કિમીની પદયાત્રા બાદ રાહુલ ગાંધીએ દેશની રાજનિતીના નવો પ્રતિમાન સ્થાપ્યો છે. અને સમગ્ર વિશ્વમા એક ફક્કડ અને કબીર નેતા તરીકે રાહુલ ગાંધી ઉપસી રહ્યા છે. અને ....

- આ પ્રતિમાન છે સચ્ચાઈ ઉપર ઉભા રહીને દેશ બનાવવાની રાજનિતીનો છે.
- એ પ્રતિમાન છે દેશમા હંમેશા પ્રેમ અને સૌહાર્દની રાજનિતી માટે સંઘર્ષ કરવાનો છે.
- એ પ્રતિમાન છે નિર્ભય બનીને દેશના લોકો સાથે સંવાદ કરવાનો છે.
- જે અમેરીકા-બ્રિટનમા રાહુલ ગાંધીએ સાબિત કરી દિધુ કે ટેલીપ્રોમ્ટર વગર સારુ બોલાય છે અને સવાલના જવાબ પણ આપી શકાય છે.

રાહુલ ગાંધી ઉપર ગમે તેટલા હુમલા થાય પરંતુ તે ફક્કડ કબીર છે, તે વધુ નિર્ભયતા સાથે દેશની જનતા સાથે ઉભા રહેશે અને દેશ બચાવવા નિરંતર લાગેલા રહેશે.

ભાજપાએ ચેતવા જેવુ ખરુ અને અટકવા જેવુ ખરુ.....

જય હિંદ

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ